# અધ્યાપકોની એરીયર્સ ચૂકવણી કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર કરાઈ

ગાંધીનગર, તા. ૬

ગુજરાત રાજ્ય અધ્યાપક મહામંડળના પ્રમુખ ડૉ. એમ.એમ. રાવ અને મહામંત્ર ડૉ. જે.એસ. પ્રજાપતિએ નિવેદનમાં જણાવ્યું છે કે લાંબા સમયથી અધ્યાપરોના યુ.જી.સી.ના નવા પગારના બાકી એરીયર્સની ચુકવણી થયેલ ન હતી. આના સંદર્ભે કેન્દ્ર સરકારે એરિયર્સ ચુકવણી માટે અધ્યાપકોની નિવૃત્તિ વય મર્યાદા જે ૬૫ વર્ષની કરવાની શરત ફરજિયાત રાખેલ હતી. તે બાબતે ગુજરાત રાજ્ય અધ્યાપક મહામંડળના ચૂંટાયેલા હોદેદારોએ કેન્દ્ર સરકાર સમક્ષ ભાર પૂર્વક રજૂઆત કરીને આ પ્રશ્નને જવલંત સફળતા મેળવી છે.

કેન્દ્રીય કેબિનેટની મિટીંગમાં એરિયર્સ ચુકવણી સામેની ૬૫ વર્ષની નિવૃત્તિ વય મર્યાદાની શરતને પડતી મુકીને કેન્દ્ર સરકારે તમામ રાજ્યોના અધ્યાપકોના બાકી એરિયર્સના ૮૦ ટકા રકમ જે તે રાજ્યોએ તાત્કાલિક ચુકવવા નિર્ણય કરેલ છે.

ગુજરાત રાજ્ય અધ્યાપાક મહામંડળ આ નિર્ણયને આવકારે છે.

# સામાજિક ટ્રસ્ટની રચના માટે જૈન સમાજની બેઠક મળશે

ગાંધીનગર, તા. ૬

સમસ્ત જૈન સમાજ, ગાંધીનગરનું એક બંધારણીય સંગઠન ઊભુ થાય અને તે સંગઠન-સંસ્થા દ્વારા સમસ્ત જૈન સમાજની આર્થિક, શૈક્ષણિક પ્રવૃત્તિઓ હાથ ધરી શકાય તે માટે એક ટ્રસ્ટની રચનાની વિચારણા કરવા માટે જૈન સમાજના સભ્યોની એક બેઠક તા. ૮મી જૂન-૨૦૧૨ને શુક્રવારે રાત્રે ૮.૩૦ કલાકે ટાઉનહોલ પાસે, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે યોજાશે. આ પ્રસંગે સૂર્યકાંતભાઈ મહેતા અને કમલકિશોર જૈન ખાસ ઉપસ્થિત રહેશે અને જરૂરી માર્ગદર્શન આપશે. રસ ધરાવતા સૌ સભ્યોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## જુલાઈ માસથી મેડીકલ કોલેજમાં પ્રવેશ પ્રક્રિયા આરંભાશે

અમદાવાદ,તા. ૬

મેડીકલ અને પેરામેડીકલ કોર્સ માટે પ્રવેશ પ્રક્રિયા જુલાઈના બીજા સપ્તાહથી શરૂ થશે. આ વર્ષે મેરીટ બેથી ૮ માર્ક ઉપર જાય તેવી શક્યતા છે. કારણ કે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ગુજકેટમાં ઊંચા માર્ક લાવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ગયા વર્ષ કરતા વધારે છે. મેડીકલ અને પેરામેડીકલ કોર્સ માટે ૧૪૦૦૦ ફોર્મનું વિતરણ કરવામાં આવી ચૂક્યું છે જે પૈકી ૧૨૭૦૦ ફોર્મ ભરાઈ ચૂક્યા છે. બીજે મેડીકલ કોલેજમાં ૧૪મી જૂન સુધી ફોર્મ સ્વીકારાશે. જોકે ગાંધીનગર મેડીકલ કૉલેજની ૧૫૦ બેઠક વધતાં વિદ્યાર્થીઓમાં ઉત્સાહનું વાતાવરણ જણાયું છે.

## શેખ સમાજનું ગૌરવ વધારતી વિદ્યાર્થીની



ગાંધીનગર, તા. ૬

સૅકટર-૨૩ ખાતે કાર્યરત આર જી કન્યા વિદ્યાલયમાં અભ્યાસ કરતી સીમા ઐયુબભાઈ શેખ નામની વિદ્યાર્થીનીએ ધોરણ-૧૦માં ૮૯ ટકા ગુણ પ્રાપ્ત કરી શેખ સમાજનું ગૌરવ વધાર્યું છે.

શેખ સમાજે આ તેજસ્વિની વિદ્યાર્થીનીને બિરદાવી અભિનંદન આપ્યા છે.

# આર એન લલિતકલા એકેડેમીના સમર કેમ્પનો રંગારંગ કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના સેક્ટર-૨૩માં આવેલા સર્વ વિદ્યાલય કેમ્પસના આર.એન. લલિતકલા એકેડમી દ્વારા સમર કેમ્પ-૨૦૧૨નું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો સાંસ્કૃતિક-રંગારંગ કાર્યક્રમ મંગળવારે બ્રહ્માણી કૃપા મેમોરિયલ હોલ ખાતે યોજાયો હતો. સમર કેમ્પમાં ૭૫૦ જેટલા તાલીમાર્થીઓએ વિવિધ કૃતિઓ રજૂ કરીને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

લલિતકલા એકેડમી દ્વારા યોજાયેલા સમર કેમ્પ-૨૦૧૨માં નગરના ૭૫૦ જેટલા તાલીમાર્થીઓએ ભરત નાટ્યમ, કથક, બેબીડાન્સ, ફોક ડાન્સ, વેસ્ટર્ન ડાન્સ, ગાયનવાદન, યોગા, કરાટે, ડ્રામા, સ્કેટીંગ, ક્વીઝ કોન્ટેસ્ટ જેવી ઈવેન્ટ્સની તાલીમ મેળવી હતી અને ગતરોજ બ્રહ્માણી કૃપા મેમોરિયલ હોલમાં રજૂ કરી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે કેમ્પસ ડાયરેક્ટર સોમભાઈ પટેલ, ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના ડીન ડૉ. વીણાબહેન પટેલ, સુપ્રિન્ટેન્ડન્ટ ગર્લ્સ હોસ્ટેલ કૌશલ્યાબહેન પરીખ, આચાર્ય અંજલીબેન ટેકવાની, કિરણબેન પટેલ, દિનાબેન ડોડિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને ભાગ લેનાર તાલીમાર્થીઓને તથા શ્રેષ્ઠ દેખાવ કરનારા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરી પ્રોત્સાહિત કર્યા હતા.

તાલીમાર્થીઓને ભરત નાટ્યમમાં શકુંતલાબેન ઓઝા, ગાયન વાદનમાં સૌરભભાઈ પટેલ, કથકમાં દિનાબેન ડોડિયા, કિંજલ પટેલ, બેબી ડાન્સ, ફોક ડાન્સ, વેસ્ટર્ન ડાન્સમાં જયદીપ ઉપલા, દિવ્યકાન્ત વર્મા અને કોમલબેન ઝાલા, બ્યૂટી પાર્લરમાં પારૂલબેન ઉપાધ્યાય, કરાટેમાં સેન્સાઈ સેલ્વાકુમાર, સ્કેટીંગમાં વાસીમ મનસુરી અને પુલકીત, ડ્રામામાં કુંતલ નિમાવત, સ્પોકન ઈંગ્લિશમાં અનિતાબેન, યોગામાં હેમચંદ્ર થોરાતે યોગ્ય માર્ગદર્શન અને સઘન તાલીમ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અનિતાબેને કર્યું હતું જેમને માર્ગદર્શન દિનાબેન ડોડિયાએ આપ્યું હતું. કાર્યક્રમમાં બાળકો,વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# ગાંધીનગરમાં બહારગામથી ભણવા આવતા વિદ્યાર્થીઓની સંખ્યા વધતા છાત્રાલયોની બોલબાલા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શૈક્ષણિક હબ બનતુ જાયછે. રાષ્ટ્રીય કક્ષાની કોલેજોથી લઈને ડે-સ્કૂલોની ભરમાર શહેરમાં છે. આ શૈક્ષણિક સંસ્થાઓમાં બહારગામથી આવતા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં પ્રવેશ લે છે. શહેરમાં રહેવા જમવાની વ્યવસ્થા પુરી પાડતી હોસ્ટેલોની સંખ્યા પણ ખાસ્સી વધી છે. એક વિદ્યાર્થી દીઠ ૩૫ થી ૫૦ હજારની ફી હોસ્ટેલો દ્વારા વસુલવામાં આવે છે.

## એ.સી. રૂમથી લઈને સરકારી મકાનોમાં ચાલતી હોસ્ટેલોમાં પ્રવેશ માટે ભારે ધસારો રહે છે

ગાંધીનગરમાં છેલ્લા પાંચ-સાંત વર્ષોથી શૈક્ષણિક સંસ્થાઓનો વ્યાપ ખુબ વધ્યો છે. વિવિધ કોલેજોથી લઈને સાયન્સ-કોમર્સની ડે-સ્કૂલોની ભરમાર શહેરમાં છે. આ સંસ્થાઓમાં અભ્યાસ કરતા મોટાભાગના વિદ્યાર્થીઓ બહારગામના હોઈ હોસ્ટેલનો વ્યવસાય અહીં ધમધોકાર ચાલે છે. ઈન્ફોસીટીની નજીક આવેલા સેક્ટર-૨, સેક્ટર-૮ ઉપરાંત સેક્ટર-૨૪ અને સેક્ટર-૨૬માં ઘણા સ્થળોએ લેડિઝ જેન્ટસ હોસ્ટેલ ચાલે છે. કેટલીક હોસ્ટેલોમાં તો માત્ર એન્જિનિયરીંગ મેડીકલના વિદ્યાર્થીઓને પ્રવેશ અપાય છે. કેટલાક રહેણાંક મકાનોમાં વધારાની સુવિધા ઉભી કરી એક સાથે ૫૦-૬૦ વિદ્યાર્થીઓને રહેવા-જમવાની સુવિધા પુરી પાડવામાં આવે છે. ૩૫ થી ૫૦ હજાર વાર્ષિક ફી ની રેન્જમાં ખાનગી અને સરકારી મકાનોમાં ચાલતા છાત્રાલયોમાં પ્રવેશ અપાય છે.

કેટલાક છાત્રાલયોના સંચાલકો તો શાળાઓ સાથે સાંઠગાંઠ કરી વર્ષના પ્રારંભે જ પુરતી સંખ્યા મેળવી લે છે. ભોજનથી લઈને લોન્ડ્રીની સુવિધાઓ વિદ્યાર્થીઓને અપાય છે. કેટલાક માલેતુજાર પરિવારના વિદ્યાર્થીઓ એ.સી. રૂમ અને વાઈ-ફાઈની સુવિધાવાળી હોસ્ટેલોની તલાશ કરે છે. ભલે ને તે માટે વધુ ખર્ચ કેમ ન થાય. દર વર્ષે બહારગામથી આવતા વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જાય છે. વિદ્યાર્થીઓ સંખ્યા વધતા હોસ્ટેલોની સંખ્યા પણ વધતી જાય છે. હોસ્ટેલોમાં રસોઈની સુવિધા પુરી પાડતા રસોઈઆ-મહારાજની માંગ પણ વધી છે. ગાંધીનગરના નવા વિકસી રહેલા વિસ્તારોમાં પણ હોસ્ટેલોની સંખ્યા વધતી જાય છે. નિવૃત્ત શિક્ષકો, નિવૃત્ત સરકારી અધિકારીઓ અને ગૃહિણીઓએ છાત્રાલયોનો વ્યવસાય શરૂ કર્યો છે.

### સૂરીલા કંઠની દૌલતથી 'અમીર' એવા ગઝલ ગાયક

# ઉસ્માન 'મીરે' જમાવી કલા ગુર્જરી આયોજિત 'મજલિસે મીર'

'આંધીયાં ગમ કી ચલેગી તો સવર જાયેંગે, હમ તેરી ઝુલ્ફેં નહીં કે બિખર જાયેંગે'

અને

'પ્યાર ભરે દો શરમીલે નૈન જીસસે મિલે મેરે દિલ કો ચૈન'

જેવી નવી જ ગઝલોથી મહેફિલનો પ્રારંભ કરીને પોતાના સૂરીલા મીઠા ભાવવાહી કંઠનો, ગાયકીની બૂલંદીનો, ગળાની રેઈન્જનો, શાસ્ત્રીય સંગીત પરના કાબિલે-દાદ પ્રભુત્વનો, શોર ને ગઝલના શબ્દોને રમાડવાના કસબનો અને ગઝલોની પસંદગીનો કોઈ જવાબ નથી એની ગાંધીનગરના કલારસિકોને પ્રતીતિ કરાવનાર ગાયક એટલે ગુજરાતના જાણીતા ગઝલ સમ્રાટ ઉસ્માન મીર... આ મીરે તા. ૩જીએ ગાંધીનગર ટાઉનહૉલમાં કલા ગુર્જરી, ગાંધીનગર આયોજિત 'મજલિસે-મીર'ને યાદગાર રીતે જમાવી દીધી હતી.

નગરમાં ગીત-સંગીત, નૃત્ય, નાટ્યના પ્રયોગાત્મક અને 'જરા હટકે' (એટલે કે પ્રૉફેશનલી બહુ ચાલે નહીં તેવા પણ કલાસ ઑડિયન્સને ગમે જ તેવા પ્રયોગલક્ષી ને ગુણવત્તાની દષ્ટિએ ઉત્કૃષ્ટ) પ્રકારના કાર્યક્રમો તેના સભ્યો માટે યોજતી સંસ્થા 'કલા ગુર્જરી'એ તેના પાંચમા વર્ષના પ્રથમ કાર્યક્રમ રૂપે, જાણીતી માનીતી ગઝલોના ઉસ્માન મીર દ્વારા ગાનનો કાર્યક્રમ 'મજલિસે મીર' પ્રસ્તુત કર્યો અને પ્રેક્ષકોએ તેને દિલ દઈને માણ્યો, વખાણ્યો અને મન મૂકીને વારંવાર તાળીઓ થકી બિરદાવ્યો.

પડતો ખૂલતાં જ ટોચના ગઝલ ગાયકો મહેંદી હસન, ગુલામ અલી, નૂસરત ફતેહઅલી, સરાફત અલી, જગજીત સિંઘ, કૈલાસ ખેરની તસવીરોથી શોભતા બૅક ડ્રૉપ થકી ગઝલોનો માહૌલ બંધાતો હતો (અભિનંદન આવા સ-રસ બૅક ડ્રૉપના આઈડિયા માટે...) અને એ માહૌલને વધુ ઘેરો-અમીટ છાપ મૂકી જનારો બનાવ્યો જનાબ ઉસ્માન મીર ખાં સાહેબે...

'આંધિયાં જબ ચલેગી તો સંવર જાયેંગે...' અને 'પ્યાર ભરે દો શરમીલે નૈન...' એ બે ગઝલોથી આરંભાયેલો સૂર-સ્વરનો મધુર દૌર 'મહેફિલ મેં બાર બાર કિસ પર નજર ગઈ... હમને બચાઈ લાખ બાર ફિર ભી ઉસ પર ગઈ...' એ મસ્તીભરી ગઝલે ઉસ્માનભાઈના ગાયકીના અનોખા અંદાઝે પ્રેક્ષકોને રસ-તરબોળ કરી દીધા હતા...

આવી ત્રણેક નવી કે આમ શ્રોતાઓમાં ઓછી જાણીતી ગઝલોની જમાવટ પછી ખૂબ પ્રખ્યાત ગઝલ 'ચૂપકે ચૂપકે રાત દિન આંસૂ બહાના યાદ હૈ...'ની પ્રસ્તુતિએ તો ગઝલની શરૂઆતથી જ કરતલ ધ્વનિ અને 'વાહ વાહ'થી ભારે આવકાર સાંપડ્યો હતો...

આ ગઝલગાન દરમ્યાન તેની બંદિશ રાગ મિશ્ર ભીમપલાસ પર આધારિત હતી તે સમજાવી, તરત જ માલકૌંસની રચના 'મન તડપત હરિ દર્શન કો આજ...મોરે તુમ બિન બિગરે સઘરે કાજ...' ગાઈને સૌને ખુશ કર્યા ને સાથે જ ઉત્તર ગુજરાતમાં આ રાગમાં શું ગવાય છે તેનો પરિચય કરાવતાં 'હે... કૃષ્ણ ભગવાન ચાલ્યા દ્વારિકા ને કાંઈ લીધો મણિયારા કેરો વેશ...' એ મણિયારો પણ રજૂ કરી ભારે દાદ મેળવી હતી...

આ જ ક્રમમાં 'મજલિસે મીર'ને આગળ ધપાવતાં જનાબ ઉસ્માન ખાં સાહેબે ગઝલ છેડી હતી, 'હમ તેરે શહર મેં આયે યું માન કર.. સિર્ફ એક મુલાકાત તો હોગી...' આ સુંદર ગઝલના ગાન દરમિયાન જ વચ્ચે 'પૂછો તો ખરા ઘાયલને શું થાય છે...' જેવી ગુજરાતી ગઝલ અને 'ના ચિઠ્ઠી ના કોઈ સંદેશ, લગા કર દિલ પર ઠેસ.. તુમ તો પરદેશી હો ગયે...' એ હિન્દી ગીતની થોડી કડીઓ સંભળાવી ફરી પાછા મૂળ ગઝલ પર આવી જવાની એમની 'સ્ટાઈલ' અને સંગીતની જાણકારી, કંઠ પરના ગજબના કાબૂ પર તો ગાંધીનગરના સંગીતપ્રેમીઓ સાચે જ ઓળઘોળ થઈ ગયા હતા...

એમાંય મધ્યાંતર પૂર્વે 'કેસરિયા બાલમ પધારે મારે દેશ...'ની લાજવાબ રજૂઆતો, 'બાલમ' ને 'પધારો' વગેરે શબ્દોની હૃદયસ્પર્શી અનુભૂતિ કરાવતી ગાયકી તથા 'અહીં જ જે મળશે તે ખાઈ-પી, પહેરી-ઓઢી લઈ ચલાવી લઈશ પણ તમે પરદેશ ન જતાં, અહીં પોતાના દેશ-વતનમાં જ રહી જાવ...' એવી પત્નીની પતિને વિનંતીના સૂરમાં પ્રસ્તુત કરીને તો મીર સાહેબે કમાલ કરી દીધી હતી...

મહેફિલના બીજા દૌરનો પ્રારંભ ઉસ્માનભાઈએ 'માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો...' એ સ્વ. અવિનાશભાઈના સુપ્રસિદ્ધ રચનાથી કરી, આ વર્ષે જન્મ શતાબ્દી ઉજવાઈ રહી છે તેવા ગુજરાતી સુગમ સંગીતના પિતામહ અવિનાશ વ્યાસને તેમણે સૂરાંજલી અર્પી હતી.

એ પછી રજૂ થયેલી રચના 'મોરી સખી મંગલ ગાઓ રે...મેરી ધરતી-અંબર સજાવો રે... આજ મેરે પિયા ઘર આયેંગે...'ની શબ્દ રચના, તેજ ગતિ-લયની સ્વર રચના તથા પૂરા 'મૂડ'માં ઉસ્માન મીરની પ્રસ્તુતિએ ફરી વાતાવરણને જમાવી દીધું...

તો એ પછી જે પ્રસ્તુતિને ગાયકે આલાપ લેતાં જ શ્રોતાઓએ તાળીઓથી વધાવી લીધી તે હતી, 'આજ જાને કી જિદ ના કરો... યું હી પહેલૂ મેં બૈઠે રહો...'માં ફરી એકવાર આ ગઝલ સમ્રાટ તેમની ગાયકીના અંદાઝથી મેદાન મારી ગયા હતા.

ત્યારબાદ ઉસ્માનભાઈએ કબીરના દોહા સંભળાવ્યા ને 'મન મેરો લાગો યાર ફકીરી મેં... જો સુખ પાઉં રામ સ્મરણ મેં વો સુખ નાહીં અમીરી મેં...' રજૂ કર્યું હતું.

કાર્યક્રમના આખરી દૌરમાં ફરી સુંદર ગઝલ 'તુમ્હારી અંજુમન સે ઊઠકર દિવાને કહાં જાયેં... ચલો અચ્છા હુઆ કાળ બન ગઈ દિવાનગી અપની, નહીં તો જમાને ભર કો સમજાને કહાં જાતે...' પ્રસ્તુત કરી સૌને મોજ કરાવી દીધી... ને છેલ્લે ગાંધીનગરના આ કાર્યક્રમમાં કલાકારો અને પ્રેક્ષકોના 'સૂર' સરસ મળી ગયા તેને બિરદાવી 'મિલે સૂર મેરા તુમ્હારા તો સૂર બને હમારા' ગાઈ સમાપન કર્યું ત્યારે આ યાદગાર સદાબહાર મહેફિલ'થી મદહોશ બનેલા પ્રેક્ષકોએ પણ 'સ્ટેન્ડીંગ ઓવેશન' આપી ગાંધીનગરના પ્રેક્ષકોની સંગીત પ્રીતિ અને કદરદાનીનો પરિચય કરાવ્યો હતો...



જનાબ ઉસ્માન મીર ખાં સાહેબની ગાયકીને તો સલામ ખરી જ... પણ 'મજલિસે મીર'ના પ્રારંભમાં એમણે પહેલી બે ગઝલો વચ્ચે વચ્ચે ક્લાસિકલ ટચ (આલાપ-તાન પલ્ટા) દ્વારા અને તેમના વાયોલિન વાદક અને તબલાવાદકની સુંદર જુગલબંધી જમાવી ચાલીસ મિનીટથી પણ વધુ સમય સુધી ચલાવી હતી. આ ઉપક્રમ લગભગ દરેક ગઝળમાં ચાલ્યો હતો અને કલારસિયાઓ આ બાબતને પણ ભારે દાદ દઈ સતત માણતા રહ્યા હતા... ક્યારેક ઘણાને આ મોનોટોનસ બનતું કે વાયોલિન કોન્સર્ટ બનતું ને એ રીતે થોડું કંટાળાજનક પણ લાગ્યું છતાંય આ બંને વાદ્યકારોને પણ દિલી અભિનંદન...

મજલિસના સંચાલન શ્રી કિશનભાઈએ તો એમની પાસેનો શેરો-શાયરીનો ખજાનો જાણે કે ખુલ્લો મૂકી દીધો હતો. ઉસ્માનભાઈની બે પ્રસ્તુતિ વચ્ચેનો 'અંતરાલ' એ નેકસ્ટ ગઝલ-ગીતના વિષયને અનુરૂપ ચોટદાર શેર રજૂ કરીને ભરી દેતા હતા ને એ રીતે તેમણએ ગઝલ યાત્રાને જીવંત ને રસમય બનાવી હતી... સાચે જ જેમણે આ મજલિસ માણી તે ધન્ય થઈ ગયા... રહી ગયા તેમણે ઘણું ગૂમાવ્યું છે.

'કલા ગુર્જરી' ને સવિશેષ પ્રમુખ શ્રી એન પી પટેલ, શ્રી જયરાજસિંહ સરવૈયા, શરદભાઈ વ્યાસ તથા પેટ્રન કલા મર્મજ્ઞ મુ. મહેન્દ્રભાઈ ત્રિવેદીને આવા સરસ અને સૂરીલા કંઠની મિલકતથી સાચા અર્થમાં સમૃધ્ધ-અમીર એવા ઉસ્માન મીરની મહેફિલના આયોજન બદલ ગાંધીનગરના કલાપ્રેમીઓ તરફથી હાર્દિક અભિનંદન...

કલા ગુર્જરી, ગાંધીનગરના પાંચમા વર્ષના પ્રારંભે શ્રી શરદભાઈ વ્યાસે આ વર્ષે સંસ્થા દ્વારા જે વિશિષ્ટ, અનોખા કાર્યક્રમો રજૂ થવાના છે તેની માહિતી આપી તે જોતાં લાગે છે કે જે કલારસિકો 'કલા ગુર્જરી'ના સભ્ય નહીં બને તે સુંદર કાર્યક્રમોનો મોકો ગુમાવશે... જાગો, કલારસિકો જાગો.

પુનઃ 'કલા ગુર્જરી'ને વધાઈ અને ઈંતેજાર છે આગામી કલા આકર્ષણોનો...





## ટહૂકાર

\- પ્રકાશ લાલા

# કેફિયત કલા સાધકની

\- આશા સરવૈયા

ભારત કલા, સંસ્કાર અને સંસ્કૃતિનો દેશ છે. ગુજરાતની ધરતી ગીત, સંગીત અને નૃત્યોથી સદાય ગુંજતી રહી છે. શાસ્ત્રીય નૃત્ય હોય કે લોકનૃત્યો હોય,નૃત્ય માનવ ઉર્મિઓને પ્રગટ કરવાનું શ્રેષ્ઠ માધ્યમ છે. ભારતના ચાર મુખ્ય શાસ્ત્રીય નૃત્યે પૈકીના એક કથ્થક નૃત્ય એટલે નૃત્યની સાથે સાથે કથા વર્ણવવાનું માધ્યમ કથ્થક તરીકે ઓળખાયું. કથ્થકના મુખ્ય ત્રણ ઘરાના - જયપુર, લખનૌ અને બનારસ. આ ત્રણેય ઘરાનાને પોતાની આગવી વિશેષતા છે. કથ્થક એ નાજુકતા ભરેલો નૃત્ય પ્રકાર છે. છેલ્લા ત્રીસ વર્ષથી જયપુર ઘરાનામાં કથ્થક નૃત્યની સાધના કરતાં તેમજ તાલીમ આપી શિષ્યાઓ તૈયાર કરતાં ગાંધીનગરના જાણીતા કલાગુરૂ તે શ્રીમતી કુમુદબેન વિપુલભાઈ ભટ્ટ.

છ-સાત વર્ષની નાની ઉંમરથી જ સોસાયટીમાંથી છોકરીઓ ભેગી કરીને પોતાનું ગરબા ગૃપ બનાવતા અને વગર કહ્યે સોસાયટીમાં યોજાતી રામલીલા જોવા જતા રહેતા કુમુદબેને પ્રભુ કૃપાથી જ નૃત્ય પરત્વે ખૂબ લગાવ હતો. તેમનો આ કલાપ્રેમ પ્રેમાળ પિતાજીના માર્ગદર્શન અને હૂંફથી પાંગર્યો. આજથી ૫૦ વર્ષ પહેલા પોતાની સાતે દીકરીઓને પોતપોતાને ગમતી પ્રવૃત્તિઓ કરવા અને પોતાના ક્ષેત્રમાં ટોચ પર પહોચાડવા માટે પિતાજીનું ઋણ કુમુદબેન હંમેશાં પ્રેમપૂર્વક સ્વીકારે છે.

મૂળ સૌરાષ્ટ્રના પરંતુ અમદાવાદમાં ઉછરેલા કુમુદબેને કથ્થક અને ભરત નાટ્યમ્ નૃત્ય તરફ શાસ્ત્રીય નૃત્યોમાં અભ્યાસ કરેલ છે. પરંતુ કથ્થક નૃત્ય તરફ નાનપણથી જ વધુ આકર્ષાયા હતા. તેમણે પોતાની કથ્થક નૃત્યની તાલીમ અમદાવાદની જાણીતી સંસ્થા 'કદંબ' માંથી શરૂ કરી હતી અને એ પછી કલાગુરૂ નયનાબેન પુરોહિત અને ગુરૂ શ્રી મુકેશભાઈ જોષી (જયપુર ઘરાના) અને ગુરૂ કૈનૈયાલાલજી પાસેથી કથ્થકની આગળની તાલીમ મેળવી.

કુમુદબેને પોતાની તાલીમની સાથેસાથે સી.એન. વિદ્યાલય, અમદાવાદમાં કલાગુરૂ નયનાબેનના મદદનીશ તરીકે કથ્થકના વર્ગોમાં શીખવવાનું પણ શરૂ કર્યું. આમ કુમુદબેનની કલાસફર આગળ વધી, અને નયનાબેને પણ કુમુદબેનને ગુરૂગાદી પર પ્રસ્થાપિત કર્યા.

પ્રતિષ્ઠિત પ્રશ્નોરા બ્રાહ્મણ કુટુંબના શ્રી વિપુલભાઈ ભટ્ટ સાથે ૧૯૮૨માં કુમુદબેનના લગ્ન થયા. ૧૯૮૪થી કુમુદબેન અને વિપુલભાઈ ગાંધીનગર આવી વસ્યા. વિપુલભાઈ પણ કુમુદબેનની કલાથી ખુબ પ્રભાવિત હોવાથી અને તેમના હકારાત્મક સહકાર અને પ્રેમાળ સંગાથ વડે કુમુદબેને ૧૯૮૭માં ગાંધર્વ મહાવિદ્યાલય માંથી કથ્થકમાં ''વિશારદ'' કર્યું. તે સમયે ગાંધીનગરમાં કથ્થક નૃત્ય એટલું પ્રચલિત ન્હોતું અને કોઈ વર્ગો પણ ચાલતા ન હતા. કુમુદબેન સામે પડકાર હતો ગાંધીનગરમાં કથ્થક નૃત્યને લોકપ્રિય બનાવવાનો. તેમણે આ પડકાર ઝીલ્યો અને ૧૯૮૮-૮૯ માં અનેક સંઘર્ષો વચ્ચે ''કલાસરગમ સ્કૂલ ઑફ કલાસીકલ આર્ટ એન્ડ હૉબી'' સંસ્થાની સ્થાપના કરી. જેમાં કથ્થક, ભરત નાટ્યમ્, શાસ્ત્રીય ગાયન, વાદન અને ગરબાના વર્ગો અપના બજાર, સે-૬ ખાતે શરૂ કર્યા. બહુમુખી પ્રતિભા ધરાવતા કુમુદબેને શાસ્ત્રીય ગાયન અને વાદન (તબલા અને હાર્મોનિયમ) માં પણ પદ્વી પ્રાપ્ત કરેલી છે. અત્રે ઉલ્લેખનીય છે કે યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા સાહિત્ય, કલા અને સંસ્કાર ક્ષેત્રની યુવા પ્રતિભા શોધ સ્પર્ધામાં કુમુદબેને તબલા વાદનમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

અપના બજારનાં વર્ગોમાં સમગ્ર સંગીત વિભાગમાં ગુરૂ શ્રી પિનાકીનભાઈ વ્યાસ અને સુશ્રી શારદા જાદવનો સુરીલો સહકાર સાંપડ્યો હતો. આમ કુમુદબેનની કલાયાત્રાએ ગાંધીનગરમાં વિવિધ સોપાનો સર કરવાનાં શરૂ કર્યા. કુસુમબેનની અંદર રહેલી કલા, નિષ્ઠા અને ધગશથી ધીમે ધીમે તેમની શિષ્યાઓની સંખ્યા વધતી ગઈ, અને કડી સંકુલમાં નૃત્યો વર્ગો શરૂ કરવાનું આમંત્રણ તેમને મળ્યું. સ્વામી શ્રી સચ્ચિદાનંદજીની ઉપસ્થિતિમાં કડી સંકુલમાં ''આર.એન. લલીતકલા અકાદમી'' નું ઉદ્ઘાટન થયું અને અકાદમીના પ્રથમ સંચાલક તરીકે તેમની નિમણૂંક થઈ. ખૂબ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ આવતા થયા. અકાદમીમાંથી અનેક સફળ કાર્યક્રમોનું આયોજન કરીને કુમુદબેન બહુમાન પ્રાપ્ત કર્યું. શ્રી અરવિંદ કેન્દ્ર, સે-૨૩ ખાતે પણ કથ્થક નૃત્યના પ્રથમ વર્ગો શરૂ કર્યા, અને ત્યાં વર્ષો સુધી સેવા આપી છે. આમ કુમુદબેન સિધ્ધિઓના શિખર સર કરતા ગયા.

એકાએક દીકરીને આંગળી પકડીને નૃત્યની તાલીમ આપતા કલાગુરૂ કુમુદબેનને તેમની શિષ્યાઓ આજે પણ આ બાબતે યાદ કરીને વંદન કરે છે. છેલ્લા ૩૦ વર્ષ દરમિયાન ગાંધીનગરની તમામ પ્રતિષ્ઠિત શાળાઓ તથા 'કલાસરગમ' સંસ્થામાંથી તાલીમ આપીને શાસ્ત્રીય નૃત્યમાં તૈયાર કરેલ શિષ્યાઓની સંખ્યા ૧૦,૦૦૦ થી પણ વધુ થાય છે જે ખરેખર અદ્વિતીય સિધ્ધિ ગણાય. આ માટે કુમુદબેન સાચા અર્થમાં સૌના અભિનંદનના અધિકારી છે. કુમુદબેનના હાથ નીચે તૈયાર થયેલ અનેક શિષ્યાઓએ વિશારદની પદ્વી હાંસલ કરેલ છે. છેલ્લા ૨૦ વર્ષોથી સૅન્ટ ઝૅવિયર્સ, માઉન્ટ કાર્મેલ અને સે-૩ની પ્રાથમિક શાળામાં તથા અમદાવાદમાં કુમુદબેનના વર્ગો ચાલે છે. આ શાળાઓનાં સંચાલકોના સહકારથી આ ઉત્તમ કાર્ય શક્ય બન્યું છે. ભારતીય પરંપરામાં મંદિરોમાં નૃત્યદાન શ્રેષ્ઠદાન ગણાતું. પવિત્ર જયપુર ઘરાનાના કલાગુરૂ કુમુદબેન ગાંધીનગરના મંદિરો, ઈસ્કૉન મંદિર અમદાવાદ વિ. માં વ્રજ ભાષાના ગીતો પર, જેમાં કૃષ્ણલીલાઓનું રસભર વર્ણન હોય એવા પવિત્ર વૈભવથી સુશોભિત અનેક કાર્યક્રમો સેવાભાવથી રજૂ કરીને સૌની પ્રશંસા પ્રાપ્ત કરી છે. ''કલાસરગમ'' સંસ્થાએ કુમુદબેનના નેતૃત્વ નીચે પૉલેન્ડ, મલેશિયા, થાઈલેન્ડ વિ. દેશોમાં પ્રભાવશાળી સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરીને ગાંધીનગરને ગૌરવ અપાવેલ છે.



કથ્થક નૃત્યની સાત વર્ષની તાલીમમાં ઉપયોગી થાય તેવા પુસ્તકો કુમુદબેનને લખીને પ્રકાશિત પણ કર્યા છે. આ પુસ્તકોમાં તાલની ગણતરી, તોડાની સમજ વિ. જરૂરી માહિતી સરળ ભાષામાં આવરી લીધેલ છે. આ ઉપરાંત કથ્થક વિશેના અલભ્ય પુસ્તકોનું વિશાળ કલૅકશન પણ કુસુદબેને ખુબ જહેમતથી એકઠું કરેલ છે. કથ્થકના પી.એચડી. સુધીના અભ્યાસ માટે આ પુસ્તકો ખુબ ઉપયોગી થાય તેમ છે.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ''કલ કે કલાકાર'' શાસ્ત્રીય નૃત્ય મહોત્સવમાં તજજ્ઞ ગુરૂ તરીકે કુમુદબેન સેવા આપે છે. બૃહદ્ ગુજરાત સંગીત સમિતિના આજીવન માનદ્ સભ્ય તરીકે સેવાઓ આપે છે. ગાંધીનગરની જાણીતી વિવિધ સંસ્થાઓ, શાળા, કૉલેજો, યુવક મહોત્સવો, યુનિ. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં નિર્ણાયક તરીકે વર્ષોથી સેવા આપે છે. ગાંધીનગરની અનેકવિધ સંસ્થાઓ દ્વારા કુમુદબેનનું જાહેર સન્માન પણ કરવામાં આવેલ છે. કુમુદબેનની દીકરી કુંજને પણ 'વિશારદ' કરીને માતાનો વારસો જાળવી રાખ્યો છે. કુમુદબેનને જૂની ફિલ્મોના કલાસીકલ અને સૅમી કલાસીકલ ગીતો પર કથ્થક નૃત્ય કરવા ખુબ ગમે છે. ગાંધીનગરમાં પોતાના પર્ફોર્મન્સ સાથેનો કલાસીકલ નૃત્યોનો કાર્યક્રમ પ્રસ્તુત કરવાની તેમની મહેચ્છા છે. કુમુદબેને બ્યુટીશીયન તરીકે અને જ્યોતિષ સમ્રાટની પદ્વીઓ પ્રાપ્ત કરી હોવાથી આ બંને ક્ષેત્રોમાં પણ અવિરત સેવાઓ આપે છે.

''તારી કોઈ હાક સુણી ના આવે તો એકલો જાને રે...'' આ પંક્તિને કુમુદબેને યથાર્થ રીતે પુરવાર કરી છે. તેમણે નૃત્યયાત્રા અનેક સંઘર્ષો વચ્ચે શરૂ કરી હતી અને અનેક આરોહ અવરોહો વચ્ચે અને સતત સામા વ્હેણે તરતા રહીને આજે પણ કથ્થક નૃત્યની મશાલ જલતી રાખી છે.

કીપ ઈટ અપ, કુમુદબેન!